# પુરુષોત્તમ માસ : અધિકસ્ય અધિકં ફલમ

**ધર્મ દર્શન**
બાળકૃષ્ણ વડનેરે

સંવત 2082 જેઠ મહિનો, અધિક માસરૂપે આવ્યો છે. ભારતીય પંચાંગમાં સરેરાશ બાર મહિનાઓ હોય છે પણ એક કહેવત છે. 'દુકાળમાં તેરમો માસ' એમ અધિક માસ તેરમો મહિનો છે. પણ તે દર ત્રણ વર્ષ પછી આવે છે અને એના પછીનો મહિનો નિજ માસ તરીકે બોલાય છે.

એટલે આ સંવતમાં વૈશાખ પછી આવનારો જેઠ મહિનો 'અધિક જેઠ' તરીકે છે અને પછી અષાઢ આવે પણ અધિક માસ પછી જે જેઠ અધિક માસ છે તે માસ જ 'નિજ જેઠ' તરીકે ચાલુ થાય. એવી સરસ ગણતરી ભારતીય પંચાંગશાસ્ત્રીઓએ કરેલ છે.

કારતકથી અશ્વિન માસ સુધી 12 મહિનામાં 355 (355) દિવસ થાય છે. તિથિઓની વૃદ્ધિ અને ક્ષયને ગણીને) અને નક્ષત્રોની ગતિ પ્રમાણે સૌર વર્ષના 365 દિવસ થાય છે એટલે આ 10 દિવસ એટલે ત્રણ વર્ષના 30 દિવસનો એક મહિનો થાય એટલે એક અધિક મહિનો નાખવાથી દિવસોનું ગણિત બંધબેસતું થાય છે.

ગણિતના હિસાબે દર 33 મહિના પછી અધિક માસ આવે છે. સૂર્ય એક વર્ષમાં 12 રાશિમાં દરેક મહિનામાં એક રાશિમાં રહે છે અને મેષથી મીન રાશિમાં દર મહિને પ્રવાસ કરે છે. જે મહિનામાં જે રાશિમાં પ્રવેશ કરે છે તે દિવસે 'સંક્રાંતિ' દિવસ હોય છે. એમાં વર્ષે 12 સંક્રાંતિ આવે છે અને ચૈત્ર માસથી ફાગણ માસ સુધી 12 મહિનામાં એક એક સંક્રાંત આવે છે અને આ ચક્રમાં સંક્રાંતિની તિથિ બદલાતી હોય છે અને 33મા મહિના પછી એવો મહિનો આવે છે કે જેમાં સંક્રાંતિ ના હોય પણ એના પહેલા મહિનામાં અમાસના દિવસે સંક્રાંતિ હોય છે અને આવતા મહિનામાં એકમના દિવસે સંક્રાંત હોય છે. એટલે જે મહિનામાં સંક્રાંતિ ના હોય તે જે મહિનો હોય તે અધિક માસ રૂપે બને છે અને અધિક માસને આગળના મહિનાનું નામ અપાય છે એટલે વૈશાખ પછી આવનાર મહિનો અધિક જેઠ છે. એના પછીનો મહિનો નિજ જેઠ તરીકે ગણાશે. પંચાંગમાં સૂર્યનો રાશિ પ્રવેશ જોવામાં આવે એટલે અધિક માસની કલ્પના આવે છે.



અધિક માસ અત્યંત પુણ્યશીલ અને મહત્ત્વ ધરાવતો મહિનો છે. અધિક માસ પર્વ તરીકે ઉજવાય છે.

જે મહિનામાં સૂર્યસંક્રાંત નથી આવતી તે અધિક માસ હોય છે અને જે મહિનામાં બે સૂર્યસંક્રાંત આવે છે તે મહિનાનું ક્ષય માસ નામ છે. એક ક્ષય માસ ગયા પછી બીજો ક્ષય માસ ઓગણીસ કે એકતાલીસ વર્ષો પછી આવે છે. અધિક માસને 'મળમાસ' પણ કહેવામાં આવે છે. અધિક માસને ભગવાન વિષ્ણુજીએ આશિષ આપીને તેનું નામ 'પુરુષોત્તમ માસ' કર્યું છે એટલે અધિક માસ બાર મહિનામાં શ્રેષ્ઠ બની ગયો છે. આ મહિને જે શુદ્ધ ધાર્મિક કાર્યો કરવામાં આવે છે તેનું ફળ અવશ્ય મળે છે.

નિત્યકર્મમાં જપ, જાપ, પૂજન અર્ચન, ધ્યાન, સંધ્યા, દેવદર્શન, નદીસ્નાન, મંદિર પ્રદક્ષિણા, ગ્રંથ વાંચન, ગ્રંથ લેખન અને અન્ય યોગ્ય નિયમોનું પાલન અધિક માસમાં અવશ્ય કરવું. ગર્ભાધાનથી નવબાળક અન્નપ્રાશન સંસ્કાર,રોમ શાંતિ, નિત્ય શ્રાદ્ધ, માસિક શ્રાદ્ધ તેમ જ પિતૃશાંતિ કાર્ય અધિક માસમાં જ કરવા યોગ્ય છે. ચંડીયાગ, હોમ-હવન, પુત્ર કામેષ્ટિ, વયવસ્થાભિધ શાંતિ એવાં કાર્યો અધિક માસે ન કરવા. ચૌલ, વ્રતબંધન, લગ્નવિવાહ, વાસ્તુશાંતિ, ગૃહપ્રવેશ, દેવપ્રતિષ્ઠા, કૂપશાંતિ આ કાર્યો અધિક મહિનામાં ન કરવાં. કોઈના મૃત્યુ પછી વર્ષ શ્રાદ્ધ જો અધિક મહિનામાં આવતું હોય તો શ્રાદ્ધકાર્ય કરવામાં યોગ્ય માસ છે.

> **અધિક માસને ભગવાન વિષ્ણુજીએ આશિષ આપીને તેનું નામ 'પુરુષોત્તમ માસ' કર્યું છે એટલે અધિક માસ બાર મહિનામાં શ્રેષ્ઠ બની ગયો છે**

અધિક માસ પુણ્ય સંપાદન પ્રાપ્તિ માટે અતિ ઉત્તમ મહિનો છે. જે માસને શ્રીવિષ્ણુ ભગવાને વરદાન આપ્યા છે. ચાતુર્માસમાં આવતા અનુષ્ઠાનો, પુરશ્ચરણ, નામજપવિધિ, પ્રાયશ્ચિત્ત વિધિ અને ઉત્તમ કાર્ય કરવાના સંકલ્પો અધિક મહિનામાં અવશ્ય કરવા યોગ્ય છે.

અધિક મહિનામાં દાનનું પણ મહત્ત્વ છે. જે કંઈ નાનુંમોટું દાન કોઈ ગરીબને, બ્રાહ્મણોને, વિધવાઓને, કોઈ સંસ્થાને આપવું હોય તો અધિક માસ બહુ જ યોગ્ય મહિનો છે. 'અપૂપ' એટલે અનારસો એક મીઠું પકવાન છે એ મળે તો ઠીક છે, નહીં તો પુરુષવાચક મિઠાઈ એટલે પેંડા, લાડવા, મોદક, મૈસુર આદિ મિઠાઈનું દાન કરવું પણ આ વસ્તુ 33 ગણીને આપવાની હોય છે. કારણ અધિક માસ 33 મહિના પછી આવે છે.

સારાંશમાં માણસ સંપૂર્ણ મહિના સુધી ધાર્મિક અને શુદ્ધ પવિત્ર સાત્ત્વિક કાર્યમાં રત રહે તે અધિક માસ કહે છે. દરેક જીવ શુદ્ધચરણી અને દેવધ્યાની બને એ ઉદ્દેશ છે. પુરુષોત્તમાય નમઃ વિષ્ણવે નમઃ

---

# શિવચરિત્ર

**પંચામૃત**
નીલાક્ષી પરીખ

મિત્રો, આપણે જોયું કે રાજા નૃગે બ્રાહ્મણને દાનમાં ગાયો આપી. એક બ્રાહ્મણ એ ગાયો લઈને જતો હતો અને બીજો ખોવાયેલી ગાય શોધતો હતો. બંને વચ્ચે ઝઘડો થયો હતો એક કહે ગાય મારી છે, બીજો કહે મારી છે. બંને બ્રાહ્મણ છે. ધર્મનિષ્ઠ છે, જૂઠું ન બોલે ઝઘડો નૃગરાજા પાસે પહોંચ્યો. હવે શું થયું? બંને રાજાને કહે મહારાજ, આપ નિર્ણય કરો. આ ગાય કોની છે? નૃગરાજા સમજી ગયા. નૃગરાજાએ બંને બ્રાહ્મણોને પ્રાર્થના કરતાં કહ્યું. ''ભૂદેવો! અજાણપણે આ અનર્થ થયો છે. એમાં મારો કોઈ દોષ નથી. તમે મને નર્કમાં જવાથી બચાવો, પાપથી બચાવો. તમારામાંથી જે બ્રાહ્મણ આ ગાયને જતી કરવા તૈયાર હોય તેને ગાયના બદલામાં અનેકો ગાય દાન આપવા તૈયાર છું''. કથા છે બંનેમાંથી કોઈ બ્રાહ્મણ તૈયાર ન થયો. પહેલા બ્રાહ્મણે કહ્યું ગાય મારી છે. રાજા ન્યાય કરવા બેઠેલા. કહ્યું હા, બીજો કહે મને દાનમાં આપી છે ને? તો રાજા કહે હા, જુઓ સરકંડો આમ જ કરે છે. સરકંડો એટલે કાંચડો, કાકીડો, એના હાવભાવ જોજો. પ્રકૃતિ સાથે જીવન જોડીને ગામના લોકો જીવે છે. એ લોકો સરકંડા (કાચંડા) સાથે પણ વાત કરે. કાકીડો (કાચંડો) મળે તો કહે 'આજ નેહ આવશે. કાલ મેહ આવશે બોલ બોલ કાકીડો 'છોકરા પૂછે તો કાકીડો ડોકું બંનેવાર 'હા' ના રૂપમાં હલાવે. ના જ નહીં. ધીરુભાઈ સરવૈયા કહે છે કે બધા ભેગા થઈને બેઠેલા કહે વરસાદ આ વખતે ખેંચાણો શું થશે? તો ઘણાં બાપા બધું જાણું છું એવું બતાવતા હોય. છોકરા એને પૂછે 'બાપા, વરસાદ ક્યારે થશે? પેલા કહે' બીજે થાશે, બીજે છોકરાઓ એટલે એવું સમજાય ને કે બીજ એટલે અષાઢી બીજ એ તો પાકું ન પડયો વરસાદ. બીજ એમ જ ચાલી ગઈ તો કહે.. બાપા, અષાઢી બીજ ગઈ. એને પાંચ દિવસ થયા. વરસાદનું એક ટીપું ય ન વરસ્યું. તમે તો કહેતા હતા. બીજે થાશે બીજે ખોટું તમારું તો કહે ખોટ ન પડે, છોકરાઓ બાપા કહે એ ફરે નહીં મેં કીધેલું રાજા ન્યાય ન કરી શક્યો. બંને બ્રાહ્મણ ક્રોધિત થયા. તમે ન્યાય ન કર્યો. પૂછીએ તો માથું હલાવી 'હા' કહો છો. સરકંડાની જેમ. જાવ સરકંડા (કાંચીડા) બનો.



નૃગરાજા જેવો દાની માણસ જુઓ. પુણ્યકર્મમાં પણ કેવી રીતે દોષ લાગે. કરીએ યજ્ઞ પણ હિંસા થાય. પ્રાયશ્ચિત હોમ કરવો પડે છે તો સત્કર્મ. એ સત્કર્મમાં અજાણતા જ હિંસા થાય કરવા જઈએ. કોકનું સારું ને થઈ જાય ખરાબ. રાજાએ કાંચિડો થવું પડયું. અમે પંડિતજીને પૂછ્યું કે બંને બ્રાહ્મણ આટલા દાની, સજ્જન રાજાને બચાવી લેતે. રાજાએ તો ઓફર કરેલી જ કે જે એ ગાયને જતી કરશે એના બદલામાં એને હજારો ગાય આપવા તૈયાર છું. બંને જીદ પર અડ્યા. અમને તો અમારી જ ગાય જોઈએ. એના બદલામાં હજાર પણ ન જોઈએ. એમાં એક બ્રાહ્મણ ઉદારતાપૂર્વક, સમજદારીપૂર્વક કહે કે ભાઈ તું લઈ જા આપેલા દાનને ફરી આપવાનું પાપ રાજાને લાગે. આવી જીદ કરી? તો બ્રાહ્મણ દેવતાએ, મહારાજે પ્રેમથી કહ્યું ખૂબ સરસ પ્રશ્ન છે સાંભળો, આમાં બ્રાહ્મણની જીદની વાત નથી. ધર્મનિષ્ઠ બ્રાહ્મણ છે જે બ્રાહ્મણ આ ગાયના બદલામાં 1000 ગાય લેવા તૈયાર થાય એ બ્રાહ્મણે આ ગામના વિક્રયનું કામ કર્યું કહેવાશે. ગો-વિક્રય પાપ છે, માટે બંનેમાંથી કોઈ તૈયાર ન થયું આને કહેવાય વેદ શાસ્ત્ર વિશુદ્ધિ કૃત વક્તા કેવો હોય? 'વિરકતો, વૈષ્ણવો, વિપ્રો, વેદશાસ્ત્ર કરવામાં સમર્થ હોય વક્તા, શાસ્ત્રીય વિધિથી એટલે સીધું વાંચો નહીં પહેલા સાંભળો. સંશય થાય તો પૂછો. સમાધાન મળે પછી વાંચો. સ્થિર કરો. ચિંતન કરો. આ બધુ ભક્તિપૂર્વક કરો. ભક્તિપૂર્વક અવગાહન થાય તો ભાવપૂર્વક પ્રેમ પ્રવણ ચિત્તથી સાંભળો. નહીં તો બ્રહ્માને વિષ્ણુ બાજી પડયા. તમારા દેવ પણ આપસમાં લડે? અહંકારની લડાઈ? એક કહે હું મોટો બીજો કહે હું મોટો હું તાત્પર્ય એ છે કે પોત પોતાના કાર્યની મહત્તાને બતાવવાની ચેષ્ટા છે. સૃજન મહત્તવપૂર્ણ છે. કંઈ બનાવવું અર્થાત્ ક્રીએટીવીટી, પ્રોડકટવીવટી સૃજનનું મહત્તવ છે. પાલનવાળા દેવ કહે ભાઈ સૃજન તો થાય. મુખ્ય વાત છે સંચાલનની. જુઓ, હજારો સરકારી આવાસ બનાવાયને સુયોગ્ય સંચાલનના અભાવે ખંડેર બને કેટલા માણસો મોટી મોટી સંસ્થા ઊભી કરે પણ સુચારુ રૂપે ચલાવવાની કામગીરી ન થાય તો ગરબડ થાય. મુખ્ય વાત સંચાલનની સંસ્થાના સ્થાપક બનવું સરળ છે. વ્યવસ્થાપક બનવું સંસ્થા સુચારુ રૂપે ચાલે તે સુનિશ્ચિત કરવું મુશ્કેલ છે. બીજો કહે વ્યવસ્થાની વાત તો ત્યારે આવે ને જ્યારે સંસ્થા હોય. પહેલા સંસ્થા તો ઊભી કરો પછી સંચાલનની વાત આવે ને તો બીજો કહે કે વ્યવસ્થાપન શક્તિ ન હોય તો સૃજન ન કરો. શું મતલબ બનાવીને? એક આને મહત્ત્વ આપે. બીજો આને મહત્ત્વ આપે એનું નામ બાજી પડ્યા. બનાવવું ને ચલાવવાની બંને શક્તિ અને બંને એ સ્મરણ રાખે કે અંતમા આ નશ્વર છે. બંને કામ બરાબર કરવાનું છે, પણ સાથે નશ્વર છે. એ વાત યાદ રાખવાની છે.

> **શ્રીકૃષ્ણે સુવર્ણની દ્વારિકા વસાવી એમાં સારી રીતે રહ્યા પણ ખરા પણ એક સમય આવ્યો દ્વારિકાનો ત્યાગ કર્યો. દ્વારકા ડૂબી સમુદ્રમાં કેટલી ભવ્ય દ્વારકા કેમ ન હોય અંતમાં તેણે કાળની ગર્તામાં સમાઇ જવાનું છે**

શ્રીકૃષ્ણે સુવર્ણની દ્વારિકા વસાવી એમાં સારી રીતે રહ્યા પણ ખરા પણ એક સમય આવ્યો દ્વારિકાનો ત્યાગ કર્યો. દ્વારકા ડૂબી સમુદ્રમાં કેટલી ભવ્ય દ્વારકા કેમ નહોય અંતમાં તેણે કાળની ગર્તામાં સમાઈ જવાનું છે. 'નાશ હી નિયતિ હૈ' મહાકાલની મહિમા છે. યાદ રાખો જે સમય બનાવો છે. એ સમયે બગડી પણ રહ્યું છે. જે સમયે સૃજન કરો છો વિસર્જનની પ્રક્રિયા સાથે. સાથે થઈ રહી છે. હર જન્મની સાથે મૃત્યુ જોડાયેલું છે. જીવન હરક્ષણ મૃત્યુ તરફ ગતિ કરી રહ્યું છે. 'આયુર્નશ્યતિ પશ્યતાં પ્રતિદિન..' શરીરશાસ્ત્ર પણ સમજાવે. આધુનિક વિજ્ઞાન કહે પ્રત્યેક ક્ષણે શરીરમાં નવા કોષ બને એ જ ક્ષણે હજારો હજારો કોષ સમાપ્ત પણ થાય. બાળક વધે એમ દેખાય. હાઈટ વધે. એ જ વિકાસમાં હ્રાસ પણ છે. શ્વાસે શ્વાસે આયુ નષ્ટ થઈ રહી છે. પરમાત્મા અંદર બહાર છે. બહાર કાલે સ્વરૂપે છે. ભીતર અંતર્યામી છે.

(ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રીના સત્સંગને આધારે )